# ચીંચી

**– 'બાલસૃષ્ટિ' માથી સાભાર**

એક ચકીબહેન હતા. તેને એક બચ્ચી હતી. તે આખો દિવસ ચીંચી કર્યા કરતી એટલે તેનુ નામ ચીંચી પડી ગયુ હતુ.

ચકીબહેનને ચીંચીને ભણાવવાની બહુ હોશ હતી. ચીંચી મોટી થાય, તેનુ નામ મોટુ થાય અને કઈક બની જાય એવી તેને તમન્ના હતી. તેણે ચીંચીબહેનને ભણવા બેસાડી.

ચીંચી યુનિફોર્મ પહેરી, ખભે બેગ લટકાવી, નિશાળે જવા તૈયાર થતી અને જતા જતા 'બાયબાય મમ્મી' બોલતી કે ચકીબહેન ફૂલ્યા ન સમાતા.



પણ ચીંચી ભણવામા ઠોઠ હતી. તેને કક્કો હોઠે ચડતો ન હતો. કોઈવાર ટીચરની ચિઠ્ઠી આવતી, ''ચીંચી કક્કો શીખતી નથી.'' ચકીબહેનને ચિતા થતી, તેના સપના રોળાઈ જતા. ચકીબહેન ચીંચીને નોટ અને પેન પકડાવી દેતા અને પરાણે કક્કો શીખવતા પણ ચીંચીનુ મન કક્કામા ચોટતુ નહિ, તે ભેકડો તાણતી. ચકીબહેનની કમાન છટકતી. તે ચીંચીને ગાલ ઉપર તમાચો ચોડી દેતા, પણ એમ તો ચીંચીને ભણવા ઉપર નફરત થવા લાગી.

એક દિવસ ટીચરે સમાચાર મોકલ્યા, 'ચીંચી કલાસમા ઊંઘે છે, ભણાવીએ છીએ પણ ભણતી નથી.' ચકીબહેનનો પારો આસમાને પહોચી ગયો. તેણે ચીંચીને માર મારીને ઓરડામા પૂરી દીધી. ચીંચી રડારડ કરવા લાગી પણ ચકીબહેને તેને સાજ સુધી ઓરડામાથી બહાર કાઢો નહિ. ચીંચીને ચકીબહેન પ્રત્યે નફરત થઈ ગઈ.

સાજે પાપા ઘરે આવ્યા. ચીંચીએ મમ્મીની ફરિયાદ કરી પણ પાપાએ ઊલટાની ચીંચીને ધમકાવી. તેણે કહ્યુ, 'તુ ઠોઠ છે; ઠોઠ છોકરા મને ગમતા નથી. તારી મમ્મી તુ ભણીશ નહિ તો તને કાઢી મૂકશે.'' ચીંચી રોઈ પડી. તેને હવે ફરિયાદ કરવાનુ કોઈ ઠેકાણુ રહ્યુ નહિ.

એક દિવસ ચીંચી નિશાળેથી ન આવી. ચકીબહેનને ચિંતા થતા તેણે ચકાભાઈને જાણ કરી. ચકાભાઈએ નિશાળે પૃચ્છા કરી, જવાબ મળ્યો કે ચીંચી તો નિશાળેથી ઘરે આવવા નીકળી ગઈ છે. ચકીબહેન બેબાકળા થઈ ગયા. મનમા જાતજાતના વિચારો ઘુમરાવા લાગ્યા.

– કેમ ન આવી ! ક્યા ગઈ હશે ?

– શુ થયુ હશે ? ભૂલી પડી ગઈ હશે ?

– કોઈ ઉઠાવી તો નહિ ગયુ હોય ને ? અને ચકીબહેન રોઈ પડયા. બનેએ મળીને ચીંચીને શોધ આદરી. અડોશ–પડોશમા, બહેનપણીઓને ત્યા, સગા–સ્નેહીઓને ત્યા, બધે તપાસ કરી પણ ચીંચીની ભાળ મળી નહિ. રોઈરોઈને ચકીબહેનની આખો સૂજી ગઈ, ચકાભાઈ હિમત હારી ગયા.

કોઈએ પોલીસ સ્ટેશને જાણ કરવાની સલાહ આપી પણ ત્યા એક પોલીસમેન ચીંચીનો હાથ પકડીને ઘર શોધતો શોધતો આવી પહોચ્યો. તેણે કહ્યુ, 'ચીંચી રોતી રોતી રસ્તા ઉપર ચાલતી જતી હતી. મને લાગ્યુ કે છોકરી નક્કી ભૂલી પડી ગઈ છે. 'હુ તેને પોલીસ સ્ટેશને લઈ ગયો. તેને ચોકલેટ આપી, છાની રાખી અને પછી પૂછ્યુ, 'તારુ નામ શુ છે ?' તેણે કહ્યુ, 'ચીંચી'. મે પૂછ્યુ, તુ કેમ રોતી હતી ?' તેણે કહ્યુ, 'મારી મમ્મી મને મારે છે, મને ઓરડામા પૂરી દે છે.' મે પૂછ્યુ 'કેમ ?' તેણે કહ્યુ 'મમ્મા કહે છે તુ ભણતી નથી. તને કશુ આવડતુ નથી. પાપા કહે છે, તુ ઠોઠ છે, મને ઠોઠ છોકરાઓ ગમતા નથી.' મે પૂછ્યુ, 'તો શુ તુ ભાગી નીકળી છે ?' તે કશુ બોલી નહિ, તેની આખોમાથી આસુ વહેવા લાગ્યા. હુ તેની વેદના સમજ્યો. મે પૂછ્યુ 'તારુ ઘર ક્યા છે ? તને ખબર છે ?' તેણે કહ્યુ, 'હા અકલ.' અને પછી પોલીસમેને ચકીબહેનને કહ્યુ, 'હવે ચીંચીને સભાળજો. તેને ધમકાવશો નહિ. તેને ત્રસ્ત કરશો નહિ.' એમ કહીને પોલાસમેન જતો રહ્યો.

ચકીબહેનને પોતાની ભૂલ સમજાણી, તેને ખૂબ પસ્તાવો થયો. તેણે ચીંચીને પોતાની ગોદમા લીધી અને ચૂમી લીધી. જગમા હેતનો કોઈ જોટો નથી.

■